ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-
વિતરણ/પોલિસી/૭
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા- ૦૫/૦૮/૨૦૨૩

// પરિપત્ર //

વિષય: નિગમ દ્વારા વપરાશની સમયમર્યાદા તા.૩૧/૦૩/૨૦૨૩ સુધી વધારી આપવામાં આવેલ છે પરંતુ વપરાશ શરુ કરેલ ન હોય તેવા ફાળવણીદારોને તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી વપરાશની સમયમર્યાદામાં વધારો કરી આપવા બાબત

સંદર્ભ :- ૧. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૦૧૬, તા.૧૯/૦૬/૨૦૨૦

૨. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૦૧૩, તા.૧૯/૦૬/૨૦૨૦

૩. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૦૨૯, તા.૦૮/૧૦/૨૦૨૦

૪. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૩૪, તા.૨૩/૧૦/૨૦૨૦

૫. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૨૮, તા.૨૭/૦૮/૨૦૨૧

નિગમ દ્વારા ઔદ્યોગિક વસાહતમાં ઔદ્યોગિક પ્રકારની મિલ્કતોમાં તારીખ:૩૧/૦૩/૨૦૨૩ સુધીની વપરાશની સમયમર્યાદા મેળવી, બાંધકામના નકશા મંજુર કરાવી બાંધકામ શરૂ/પૂર્ણ કરવામાં આવેલ હોય અને નિગમની નીતિ મુજબ એકમ દ્વારા વપરાશ શરૂ કરેલ ન હોય તેવા ફાળવણીદારોને તારીખ:૩૧/૦૩/૨૦૨૪ સુધીની વપરાશની સમયમર્યાદામાં વધારો આપવા અંગેના નિર્ણય થવા સારું નિગમની ૫૧૮ મી સભા બાદ સરક્યુલેટીંગ એજન્ડા દ્વારા ઠરાવ ક્રમાંક:૪૬/ ૫૧૮/૨૦૨૩/પોસ્ટ-વિતરણ/ સરક્યુલેટીંગ પસાર કરવામાં આવેલ છે, જે અન્વયે નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

<u>ઔદ્યોગિક મિલકતના વપરાશની સમયમર્યાદા તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી વધારી આપવા બાબત:</u>

જે ફાળવણીદારો દ્વારા તારીખ:૩૧/૦૩/૨૦૨૩ સુધીની વપરાશની સમયમર્યાદા મેળવી બાંધકામ શરુ કરેલ હોય/પુર્ણ થયેલ હોય પરંતુ નિગમના નીતિ નિયમ મુજબ વપરાશ શરૂ કરેલ ન હોય તેઓને નીચેની શરતોને આધિન તારીખ:૩૧/૦૩/૨૦૨૪ સુધીની વપરાશની સમયમર્યાદામાં વધારો કરી આપવાનું ઠરાવવામાં આવેલ છે.

૧) સદર નીતિ ઔદ્યોગિક પ્રકારની મિલ્કતોને લાગુ પડશે.

૨) તા.૦૧/૦૪/૨૦૨૩ થી ૩૧/૦૩/૨૦૨૪ સુધીના સમયગાળા માટે ૨% લેખે વણવપરાશી દંડની રકમ વસૂલ લઇ મિલકતના ઉપયોગની સમયમર્યાદા વધારી આપવાની રહેશે.

૩) સદર નીતિ અન્વયે લાભ મેળવવા બાબતે ફાળવણીદારે તા.૩૦/૦૯/૨૦૨૩ સુધીમાં નિગમને ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૪) અરજી સાથે ફાળવણીદારે નોટરાઇઝડ બાંહેધરીખત દ્વારા સહમતી આપવાની રહેશે કે તેઓશ્રી ધ્વારા સદર મિલકતનો નિગમના નીતિ નિયમ મુજબ તારીખ:૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં વપરાશ કરવામાં આવશે અને જો તેઓશ્રી દ્વારા નિયત સમયમર્યાદામાં મિલકતનો ઉપયોગ કરવામાં નહી આવે તો અગાઉના તમામ વણવપરાશી સમયગાળા માટે નિગમની નીતિ મુજબ વણવપરાશી દંડની રકમ નિગમ દ્વારા વસૂલવામાં આવશે તથા નિગમ દ્વારા જી.પી.પી. એક્ટ હેઠળ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૫) અરજી સમયે નિગમના તમામ બાકી લ્હેણા વસૂલ લેવાના રહેશે.

૬) અરજદાર દ્વારા કરવામાં આવેલ ઓનલાઇન અરજીને ધ્યાને લઇ વણવપરાશી દંડ ભરપાઇ કરવા અંગેનો શરતી હુકમ જારી કરવાનો રહેશે અને જેની પુર્તતા થયેથી આખરી હુકમ જારી કરવાનો રહેશે. જો શરતીય હુકમની પૂર્તતા શરતી હુકમ જારી થયાના દિન-૩૦ માં ન થાય તો જારી થયેલ શરતીય હુકમ આપોઆપ રદ થશે.

૭) ફાળવણીદારે તા. ૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં પ્લોટનો વપરાશ શરૂ કરવાનો રહેશે તેમજ મિલકત વપરાશી હોવાનુ સર્ટીફિકેટ મેળવવા માટે પ્લોટ વપરાશના પુરાવાઓ એટલે કે બાંધકામના ફોટોગ્રાફ્સ, કાયમી વિજ જોડાણનું પ્રમાણપત્ર અને વિજ વપરાશનું સ્ટેટમેન્ટ ફાળવણીદાર દ્વારા તા.૩૧/૦૫/૨૦૨૪ સુધીમાં ઓનલાઇન રજૂ કરવાનાં રહેશે. જે રજૂ થયેથી ક્ષેત્રીય કચેરી દ્વારા ચકાસણી કરી નિગમના નીતિ નિયમ મુજબ મિલકત વપરાશી જણાયેથી Utilization Certificate ઓનલાઇન જારી કરવાનું રહેશે.

૮) જીપીપી એક્ટ હેઠળ જે કિસ્સામાં પ્લોટ/શેડ નો કબજો નિગમ દ્વારા પરત લેવામાં આવેલ હોય કે જીપીપી એક્ટ ૧૯૭૨ ની કલમ ૫(૨) હેઠળ પ્લોટનો કબ્જો મેળવવાનો હુકમ કરવામાં આવેલ હોય તેવા ફાળવણીદારોને સદર નીતિ અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે નહી.

૯) જે કિસ્સામાં ફાળવણીદાર ને તા.૩૧/૦૩/૨૦૨૩ સુધી વપરાશની સમયમર્યાદા વધારી આપવામાં આવેલ છે અને ત્યારબાદ મૂળ ફાળવણીદાર પેઢીનું માત્ર નામ બદલાતું હોય એટલે કે ૧૦૦ ટકા શેરફાળો જળવાતો હોય અથવા તો મૂળ ફાળવણીદારનું મૃત્યુ થયેલ હોય અને તેના વારસદારોના નામે વારસાઈ થતી હોય પરંતુ આ માટે નિગમની મંજુરી મેળવવાની બાકી હોય તેવા કિસ્સામાં નેમ ચેન્જ/વારસાઈની સાથે વપરાશની સમયમર્યાદા તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી વધારી આપી શકાશે જે માટે તા. ૩૧/૦૩/૨૦૨૩ પહેલાના સમયગાળા માટે કોઈપણ પ્રકારની વણવપરાશી દંડની રકમ વસૂલવાની રહેશે નહી.

૧૦) આ પરિપત્ર અન્વયે જે ફાળવણીદારને તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી વપરાશની સમયમર્યાદા વધારી આપવામાં આવેલ હોય અને તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીની વપરાશની સમયમર્યાદામાં જો ફાળવણીદારનો ૧૦૦ ટકા શેરફાળો જળવાતો હોય અને માત્ર નેમ ચેન્જ થતું હોય તેવા કિસ્સામાં કોઈપણ પ્રકારની વણવપરાશી દંડની રકમ વસુલ મેળવ્યા સિવાય નેમ ચેન્જની મંજુરી આપી શકાશે.

૧૧) સમયમર્યાદા વધારી આપવાની સત્તા વિભાગીય પ્રબંધકશ્રી હસ્તક રહેશે.

૧૨) પરિપત્ર તા.૧૯/૦૬/૨૦૨૦, તા.૦૮/૧૦/૨૦૨૦, તા.૨૩/૧૦/૨૦૨૦ તથા તા.૨૭/૦૮/૨૦૨૧ ની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૧૩) સદર નીતિ અંતર્ગત અર્થઘટન અંગેના પ્રસંગે સત્તા માન.ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલકશ્રીને હસ્તક રહેશે જરુર જણાયે કોઇ કિસ્સામાં ગુણદોષને આધિન નિર્ણય લેવાની સત્તા માન.ઉપા અને વહી.સંચા.શ્રી હસ્તક રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સુચનાઓની નોંધ લેવી. અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ-વિતરણ) ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના</u> :

૧. જનરલ મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ...... તરફ નિગમની વેબસાઇટ પર મૂકવા સારું તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.
૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.
૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

રવાના કર્યું,
જનરલ મેનેજર (મહેકમ)